Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

121

# વિકસિત ભારત @૨૦૪૭

**ધારા ટાટમિયા**

શ્રીમતિ કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ,રાજકોટ

'સોને કી ચીડિયા' કહેવાતો આપણો ભારતદેશ આજે વિશ્વગુરૂ બનવા જઇ રહ્યો છે ત્યારે આધુનિક યુગમાં ભારતએ વિકાસક્ષેત્રે હરણફાળ પ્રગતિ સાધી છે. હજારો વર્ષ જૂની સભ્યતા, સંસ્કૃતિ અને ઈતિહાસને સાચવીને ભારત વિકાસના પંથે સતત ને સતત આગળ વધી રહ્યું છે.

આઝાદીના આ 75 વર્ષ પછીના આ અમૃતકાલ દરમિયાન સરકાર દ્વારા દરેકે ક્ષેત્રે વિકાસ કરવામાં આવ્યો છે. ભારત આજે - વિશ્વને દરેક ક્ષેત્રે પડકાર આપી રહ્યું છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચમા નંબરની શ્રેષ્ઠ અર્થવ્યવસ્થા બની ગઈ છે. અને તે વિકસિત ભારતનું સ્વપ્ન આજે દેશનો દરકે નાગરિક જુએ છે.

આર્થિક ક્ષેત્રે જોઈએ તો પાછલા દાયકામાં ભારતમાં ઉત્પાદન- પ્રવૃતિન વેગ મળ્યો છે. લોકોની સુખાકારી - સુવિધા માટે રેસ્ટોરેન્ટસ, હોટેલ્સ, શોપિંગ મોલ્સ વગેરે સેવાઓમાં પણ ખર્ચ કર્યો છે. કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોમાં આપણે 2024 માં 6.5% ની GDP વૃદ્ધિની અપેક્ષા રાખી છે.

આર્થિક નિષ્ણાતો કહે છે કે ભારતનું અર્થતંત્ર ૨૦૫૦ માં વિશ્વમાં અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરે આવી શકે છે. ભાવિના ગર્ભમાં શું છુપાયું છે તેની કોઇને ખબર નથી પણ સપનાં જોવાનો સૌને અધિકાર છે. જ્યારે આપણે નેશન ફર્સ્ટને પ્રાધાન્ય આપતા હોઇએ ત્યારે દેશને વિકસિત દેશોની હરોળમાં મુકવાની વાતને પણ આવકારવાની જરૂર છે.

જેમ્સ સુલિવાને દાવો કર્યો હતો કે ભારતીય અર્થતંત્ર 2030 સુધીમાં સાત લાખ કરોડનું થઈ જશે. હાલમાં ભારતનો નિકાસનો આંકડો 500 અબજ ડૉલરથી ઓછો છે અને તે એક લાખ કરોડ સુધી પહોંચશે તેવું અનુમાન કરવામાં આવ્યું છે.

મારા સપનાનાં ભારતમાં ક્યારેય હિન્દુ મુસ્લિમ કે શીખોના નામ પર કોમી રમખાણો નહીં થાય. ક્યારેય ભારતને ધર્મના નામે જુદા કરવાનું કે તેના ભાગલા કરવામાં નહીં આવે. મારા સપનાનાં ભારતમાં દરેક ધર્મનો વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ ધર્મ પાળી શકશે, પરંતુ તેની સાથે સાથે તેણે બીજાના ધર્મની મર્યાદા પણ જાળવવી પડશે. પોતાનો ધર્મ જ ચડિયાતો છે, ને બીજાનો ઉતરતો, તે વાત ક્યારેય નહીં હોય. દરેક વ્યક્તિ બીજાના ધર્મનું પણ તેટલું જ સન્માન કરશે, જેટલું પોતાના ધર્મનું કરે છે. આવું કરવામાં આવશે તો જ ભારત ખરા અર્થમાં "બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર" સાબિત થઈ શકશે.

આવનારા વર્ષમાં ભારત નૈતિક મૂલ્યોની દૃષ્ટિએ તેમજ માર્ગદર્શનની દૃષ્ટિએ સર્વોચ્ચ સ્થાન પર હશે. જ્યારે જ્યારે પણ વિશ્વ પર મુશ્કેલીઓ આવી છે, ત્યારે ત્યારે ભારતે વિશ્વનું માર્ગદર્શન કર્યું છે, અને આગળ પણ કરતું રહેશે. વિશ્વના તત્વચિંતક જ્યારે પણ મૂંઝાયા છે, ત્યારે

ભારતના મહાપુરુષોએ માર્ગદર્શન કર્યું છે, અને તે પ્રથા વર્ષોથી ચાલતી આવી છે, અને આવનારા ૧૦૦૦ વર્ષો સુધી ચાલશે.

મારા સપનાનાં ભારતમાં યુવાનને હંમેશા પ્રાધાન્ય આપવામાં આવશે, પછી એ રાષ્ટ્ર ચલાવવાની વાત જ કેમ ના હોય. ઉંમરલાયકનો અનુભવ અને યુવાનનું જોશ, બંને સાથે મળી અને એકબીજા સાથે તાલમેલ સાધી કામ કરે, એવું વાતાવરણ દરેક સરકારી ક્ષેત્રમાં ઉભું કરવામાં આવશે. મારા સપનાનાં ભારતમાં યુવાનોને સાચી દિશામાં વાળી અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. યુવાનોને પૂરતું શિક્ષણ મળી રહે અને ત્યારબાદ તેને અનુરૂપ નોકરી ધંધો કે વેપાર મળી રહે અને રોજગારીની નવી તકો ઉભી થાય એવા પ્રયત્નો કરવામાં આવશે.

મારા સપનાનું ભારત કુરિવાજોને મુક્ત હશે. ત્યાં ક્યારેય કોઈ બાળકીને દૂધ પિતી નહીં કરવામાં આવે, કે ક્યારેય કોઈ બાળ વિવાહને પ્રાધાન્ય નહીં આપવામાં આવે. મારા ભારતમાં ક્યારેય ત્રણ તલાક બોલવા પર કોઈ સ્ત્રીનો હક નહીં છીનવાય. મારા સપનાના ભારતમાં ક્યારેય બળાત્કાર માટે ખાલી સ્ત્રીને જ જવાબદાર ગણવામાં નહી આવે. મારા સપનાના ભારતમાં "સ્ત્રી સશક્તિકરણ" એ એક મજબૂત વિચાર હશે જેના પર ચોક્કસ અમલ કરવામાં આવશે. મારા સપનાના ભારતમાં રાજકીય લે-ભાગુઓને કોઈ સ્થાન નહીં હોય. જે રાષ્ટ્ર માટે અને રાષ્ટ્રના હિત માટે વિચારશે તેના જ હાથમાં સત્તા સોંપવામાં આવશે. તેના માટે રાષ્ટ્રનો વિકાસ અને પ્રજાની સુખાકારી એ જ મુખ્ય મુદ્દો હશે. ભારતની ધરોહર અને તેની સંસ્કૃતિનું

જતન તેના માટે સર્વોપરી હશે. મારા સપનાનાં ભારતમાં પ્રજાએ ક્યારેય સત્તામાં બેઠેલી વ્યક્તિ પાસે આજીજી નહીં કરવી પડે. દરેકને પોતાનો હક મળશે, તેમજ હકનું પણ મળશે.

આજે અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પણ કેન્દ્રીય કેબિનેટે ભારતીય અવકાશ નીતિ - ૨૦૨૩ ને મંજૂરી આપી છે. જેમાં ઉપગ્રહ ઉત્પાદન અને સેટેલાઈટ પ્રક્ષેપણ જેવી અવકાશ ઉત્પાદન અને સેવા સંબંધિત પ્રવૃત્તિઓ માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહિત કયા છે. વિકાસના ઘણા નવા આયામો સ્થાપિત કરવામાં આવ્યા છે. જેથી ISRO વૈશ્વિક સ્તરે, છઠ્ઠી સૌથી મોટી અવકાશ એજન્સી તરીકે સ્થાપિત થઈ છે. 2014 માં ભારત મંગળ પર સફળતાપુર્વક પહોંચનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. ભારતની આંતરિક સુરક્ષા તેમજ બાહ્ય જોખમોનો તાગ મેળવી તેના પર પણ કામ કરવામાં આવશે. આપણાં સીમા પર ફરજ બજાવતા સૈનિકોને શક્ય તેટલી મદદ તેમજ તેમની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવશે, અને કદાચ દુર્ભાગ્યપૂર્ણ વશ તેમને કંઈ થઈ જાય, તો આખી જિંદગી તેમના પરિવારનું ભરણ પોષણ થઈ રહે તેવી વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવશે.

કૃષિધન અને પશુધન ભારતની તાકાત રહી છે. ભારત કૃષિપ્રધાન દેશ હોવાથી દેશનાં સર્વાંગી વિકાસનો આધાર ખેતીક્ષેત્ર છે. ગુલામીકાળ પછીના સમયમાં આ કૃષિતંત્ર ડગમગી જતા સમૃદ્ધ ખેતી પછાતપણામાં ધકેલાઈ ગઈ. પરંતુ આવનારા પચ્ચીસ વર્ષ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાનું લક્ષ્ય કૃષિ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજી અપનાવીને અને આવનારી પેઢીઓને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

વિકસિત ભારત યાત્રા દ્વારા ભારતના દરેકે ખૂણા સુધી બધી કલ્યાણકારી યાંજનાઓ પહોંચાડવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત યોજના, કિસાન સમ્માન નિધી, જનધન યોજના, સરસ્વતી સહાય, ઉજ્જવલા, રેશનકાર્ડ, જેવી વિવિધ યોજનાઓનો સર્વેને લાભ આપીને લોકોની જરૂરિયાત પૂરી પાડી છે.

સાથે સાથે અન્ય દેશોના કપરા કાળમાં તેમને મદદ કરી, જરૂરિયાત પૂરી પાડી નિષ્ઠા અને ઇમાનદારીથી પોતાની ફરજ બજાવી છે અને સંબંધો પણ ગાઢ બનાવ્યા છે. વૈશ્વિક નાણાકીય સંકટ દરમિયાન કે આયાત- નિકાસ બાબતે પણ ભારત પોતાની ભાઈચારા ની વિશિષ્ટતાથી દરેકે માટે આધારરૂપ બની રહ્યું ગયુ હતું. આપણો ધર્મનિરપેક્ષ અને પ્રગતિશીલ ભારત દેશ ધાર્મિક ક્ષેત્રે થતાં અનિષ્ટો - અવરોધો ને દુર કરી પોતાની સંસ્કૃતિ અને તેના પ્રત્યેનો ભારતીય પ્રભાવ અકબંધ રાખ્યો છે. વિકસિત ભારત @2047" એ આઝાદીના 100માં વર્ષ 2047 સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનું વિઝન છે. જે ભારતની આર્થિક વૃદ્ધિ, પર્યાવરણ સુરક્ષા, સામાજિક પ્રગતિ જેવા પાસાંઓને સમાવે છે. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ એ લોકો સાથે સંવાદ કરી, પોતાના મનકી બાત રજૂ કરી દરેક સમસ્યાનું સમાધાન મેળવ્યું છે. માટે વિકસિત ભારતનો મુખ્ય હેતુ તો ભારતના સમાજને આરોગ્ય, શિક્ષણ, રમતગમત, સામાજિક, આર્થિક દરકે ક્ષેત્રે ટકાઉ અને સમૃદ્ર બનાવવાનો છે. અને આવનારા પચ્ચીસ વર્ષમાં ભારતના દરેક નાગરિકના પ્રયત્ન અને દેશભક્તિ થી ભારત સુશાસિત, સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સ્વાવલંબી ભારત બનશે જ. એમાં શંકાને કોઈ સ્થાન નથી.

આમ જો દરેક વ્યક્તિ પોતાના/મારા સપનાનું ભારત વિચારશે, અને તે દિશામાં પોતાનું યોગદાન આપશે, તો એ સમય દૂર નથી કે આપણે ફરીથી “વિશ્વગુરુ” બની જઈશું અને અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓને પણ માર્ગદર્શન આપીશું. એકંદરે જોવા જઈએ તો દરેકની આંખમાં એક સ્વચ્છ અને સમૃદ્ધ ભારતનું સ્વપ્ન હોવું જોઈએ અને દરેકના હ્રદયમાં “મારા સપનાનું ભારત” ...... જય હિંદ, જય ભારત......